# પરિપત્ર

ગુજરાત નગર રચના અને શહેર વિકાસ અધિનિયમ–૧૯૭૬ હેઠળ આખરી નગર રચના યોજનાને મંજુરી મળ્યેથી " ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન " ની વસુલાત કરવાની રહે છે. વ્યવહારમાં પ્રીલીમનરી સ્કીમ મંજુર થયા બાદ ફાયનલ સ્કીમ અંતિમ કરવામાં ઘણો સમય વ્યતિત થાય છે તથા તે દરમિયાન સ્કીમ વિસ્તારનો મહદઅંશે વિકાસ થઈ જાય છે. જેના કારણે જે તે સમયે સ્કીમ ફાયનલ થયેથી , આવા અંતિમ ખંડના કબ્જેદારો પાસેથી " ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન " ના નાણાં વસુલ કર્યા વિના સુવિધાઓ આપી શકાતી નથી. જેનાં કારણે આવા કબ્જેદારોને હાલાકી ભોગવવી પડે છે તથા " ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન " ના નાણાં વ્યાજ સહિત ભરવા માટે કબ્જેદારોને ફરજ પડે છે. આ હાલાકી નિવારવા માટે જે તે ટી.પી.સ્કીમોનાં " ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન " ના નાણાં વસુલ કરવા માટે નીચે મુજબની સુચનાઓનો તાત્કાલીક અસરથી અમલ કરવો.

વસ (૧) મુસદ્દારૂપ નગર રચના યોજના તેમજ પ્રારંભીક નગર રચના યોજનાના વિસ્તારોમાં રજુ થતી બાંધકામની વિકાસ પરવાનગીના કામે, વિકાસ પરવાનગી આપતા પહેલા જે તે ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમના મુસદ્દામાં સુચવેલ "ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન " ની રકમની ડીપોઝીટ તરીકે વસુલાત કરવી તથા સદર વસુલાતને ફાયનલ ટી.પી.સ્કીમની મંજુરી મળતા, તે મુજબ સરભર કરવાની રહેશે.

(૨) આ પરિપત્રની તારીખ પહેલાં જે પ્લાન મંજુર થયેલ છે તે કિસ્સાઓમાં વસવાટની પરવાનગી આપતા પહેલા આવા "ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન " ની રકમ ડીપોઝીટ તરીકે વસુલાત કરવાની રહેશે.

ઉપરોકત સુચનાઓનો તાત્કાલિક અસરથી અમલ કરવો.

(સહી)
કમિશ્નર
સુરત મહાનગર સેવા સદન

નં.ટી.ડી.ઓ./ ૧૧૫૩
તા.૭/૦૬/૦૭

નકલ સ. રવાના :– તમામ વિભાગીય વડાશ્રીઓ/ ઝોનલ ચીફશ્રી પ્રતિ..... જાણ માટે.

નકલ રવાના :– શહેર વિકાસ અધિકારીશ્રી / ટાઉન પ્લાનરશ્રી /તમામ ઝોનલ અધિકારીશ્રી / કાર્યપાલક ઈજનેરશ્રીઓ/તમામ ખાતાકીય વડાશ્રીઓ પ્રતિ....જાણ તથા

# પરીપત્ર

મુસદ્દારૂપ નગર રચના યોજના તેમજ પ્રારંભિક નગર રચના યોજનાના વિસ્તારોમાં રજુ થતી બાંધકામની વિકાસ પરવાનગીના કામે વિકાસ પરવાનગી આપતા પહેલા "ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન" ની રકમ ડીપોઝીટ તરીકે વસુલાત કરવા માન.કમિશનરશ્રીના તા.૭-૬-૦૭ ના પરીપત્ર નં. ટીડીઓ/૧૧૬૩ થી સુચનાઓ પરીપત્રિત કરવામાં આવેલ. આ પરીપત્રની તારીખ પહેલાં મંજુર થયેલ પ્લાનોના કિસ્સાઓમાં વસવાટની પરવાનગી આપતાં પહેલા આવા ઈન્ક્રીમેન્ટ કોન્ટ્રીબ્યુશનની રકમ ડીપોઝીટ તરીકે વસુલ કરવા પણ સુચનાઓ પરીપત્રિત કરવામાં આવેલ. જેમાં નીચે જણાવેલ વિગતોએ વધુ સ્પષ્ટતા ધ્યાને લેવા વિનંતી.

(૧) મંજુર થયેલ પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમોનુસાર ટેલીકોમ્યુનીકેશન ઈન્ફ્રાસ્ટ્રકચર/પાર્ટી પ્લોટ/હોર્ડીગ્સ/ટેમ્પરરી સ્ટ્રકચરની મંજુરી આપવાના તબકકે પણ ઈન્ક્રીમેન્ટ કોન્ટ્રીબ્યુશનની રકમ વસુલ લેવી.

ઉપરોકત સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવો.

નં.ટી.ડી.ઓ./ ૩૮૦૧
તા.૧૩/૧૨/૦૭

ડાયરેકટર ઓફ પ્લાનીંગ
સુરત મહાનગરપાલિકા

નકલ સા.રવાના :- મા:કમિશ્નરશ્રી પ્રતિ.. જાણ માટે.

નકલ સ. રવાના :- તમામ વિભાગીય વડાશ્રીઓ પ્રતિ.. જાણ માટે.

નકલ રવાના :- તમામ ઝોનલ અધિકારીશ્રીઓ / કાર્યપાલક ઈજનેરશ્રીઓ પ્રતિ.... જાણ તથા તાત્કાલીક અમલ માટે.

# પરિપત્ર

ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ હેઠળ આખરી નગર રચના યોજનાની મંજુરી મળ્યેથી " ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન " ની વસુલાત કરવાની રહે છે. પરંતુ તેમાં ઘણો સમય વ્યતિત થતો હોવાથી તથા આ દરમિયાન જે તે સ્કીમ વિસ્તારનો મહદઅંશે વિકાસ થઈ ગયેલ હોય, આવા વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવા માટે તથા જે તે કબજેદારોને આવા " ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન " નાં નાંણા ભરવાની ફરજ ન પડે તે હેતુથી મુસદ્દારૂપ નગર રચના યોજના તથા પ્રારંભીક નગર રચના યોજનાનાં વિસ્તારોમાં રજુ થતી બાંધકામની વિકાસની પરવાનગીના કામે , વિકાસ પરવાનગી આપતા પહેલા જે તે ડ્રાફ્ટ ટી.પી.સ્કીમના મુસદ્દામાં સુચવેલ" ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન " ની રકમ ડીપોઝીટ તરીકે વસુલાત કરવા અંગે અગાઉ તા.૮-૬-૦૭ ના પરિપત્ર નં.ટી.ડી.ઓ/૧૧૬૩ થી સુચનાઓ પરિપત્રીત કરવામાં આવેલ.

" ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન " ની ઉકત મુજબની વસુલાત કરવા અંગે નીચે મુજબની વધુ સુચનાઓ ધ્યાને લેવી.

(૧) જે કિસ્સામાં ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનની રકમ એક (૧) કરોડ સુધીની હોય તેવા કિસ્સામાં પુરેપુરી રકમ ચુકવવા માટે જે તે બાંધકામને વસવાટની પરવાનગી આપે તે સમયે તમામ રકમની વસુલાત થઈ જાય તે પ્રમાણે અથવા મહતમ એક વર્ષમાં વધુમાં વધુ ચાર હપ્તામાં આવી વસુલાત કરી શકાશે.

(૨) જે કિસ્સામાં ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનની રકમ એક કરોડ થી વધુ થતી હોય તેવા કિસ્સાઓમાં પુરેપુરી રકમ ચુકવવા માટે જે તે બાંધકામને વસવાટની પરવાનગી આપે તે સમયે તમામ રકમની વસુલાત થઈ જાય, તે પ્રમાણે બે વર્ષની મહતમ મુદતમાં વધુમાં વધુ ચાર હપ્તામાં આવી વસુલાત કરી શકાશે.

(૩) ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનની રકમ ના પ્રથમ હપ્તાની રકમ ઓછામાં ઓછી ૨૫% રાખવાની રહેશે તેની સાથે જ બાકીની રકમ માટે એક સરખા ત્રણ ભાગના ત્રણ પોસ્ટ ડેઈટેડ ચેક લેવાના રહેશે.

ઉકત સુચનાઓનો તાત્કાલીક અસરથી અમલ કરવો.

મુળપ્રત પર મે.કમિશ્નરશ્રીની સહી છે.

સહી/–

નં.ટી.ડી.ઓ./ ૨૪૩૧

તા. ૬/૦૯/૦૮

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

નકલ સ. રવાના :– તમામ વિભાગીય વડાશ્રીઓ/ઝોનલ ચીફશ્રી પ્રતિ..... જાણ માટે.
નકલ રવાના :– શહેર વિકાસ અધિકારીશ્રી /તમામ ઝોનના ઝોનલ અધિકારીશ્રી / કાર્યપાલક ઈજનેરશ્રીઓ પ્રતિ....જાણ તથા તાત્કાલીક અમલ માટે.

ડાયરેકટર ઓફ પ્લાનીંગ
સુરત મહાનગરપાલિકા

# પરિપત્ર



ગુજરાત નગર રચના અને શહેર વિકાસ અધિનિયમ–૧૯૭૬ હેઠળ આખરી નગર રચના યોજનાને મંજુરી મળ્યેથી " ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન " ની વસુલાત કરવાની રહે છે. વ્યવહારમાં પ્રીલીમનરી સ્કીમ મંજુર થયા બાદ ફાયનલ સ્કીમ અંતિમ કરવામાં ઘણો સમય વ્યતિત થાય છે તથા તે દરમિયાન સ્કીમ વિસ્તારનો મહદઅંશે વિકાસ થઈ જાય છે. જેના કારણે જે તે સમયે સ્કીમ ફાયનલ થયેથી , આવા અંતિમ ખંડના કબ્જેદારો પાસેથી " ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન " ના નાણાં વસુલ કર્યા વિના સુવિધાઓ આપી શકાતી નથી. જેનાં કારણે આવા કબ્જેદારોને હાલાકી ભોગવવી પડે છે તથા " ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન " ના નાણાં વ્યાજ સહિત ભરવા માટે કબ્જેદારોને ફરજ પડે છે. આ હાલાકી નિવારવા માટે જે તે ટી.પી.સ્કીમોનાં " ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન " ના નાણાં વસુલ કરવા માટે અત્રેનાં તા૭–૬–૦૭ ના પત્ર નં.ટીડીઓ/૧૧૬૩ થી જે સુચનાઓ આપવામાં આવેલ, તેના મુદ્દા નં.(૧) મુજબની સુચનાઓ રદ કરી નીચે મુજબની સુચનાઓનો તાકીદે અમલ કરવો.

(૧) ફાયનલ ટી.પી. સ્કીમ સિવાયના જે વિસ્તારોમાં ટી.પી.સ્કીમો બનાવવા માટે નગર નિયોજન સમિતી ધ્વારા ઠરાવવામાં આવેલ હોય તેવા વિસ્તારોમાં રજુ થતી વિકાસ પરવાનગીના કામે, વિકાસ પરવાનગી આપતા પહેલા જે તે મિલ્કતોમાં ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનની રકમ ડીપોઝીટ તરીકે વસુલાત કરવી તથા ફાયનલ ટી.પી. સ્કીમની મંજુરી મળતા, સદર વસુલાતને સ્કીમ મુજબ સરભર કરવી.

(૨) સુચિત ટી.પી.સ્કીમ વિસ્તારોમાં રજુ થતી વિકાસ પરવાનગીઓના કિસ્સામાં પ્રકરણ હેઠળની જે તે મિલ્કત માટે વસુલ લેવા જોગ ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનની વિગતો ટાઉન પ્લાનીગ ખાતામાંથી મંગાવી લેવાની રહે છે તથા ટાઉન પ્લાનીગ વિભાગે આ ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનની રકમ નકકી કરીને જણાવવાની રહેશે.

(૩) ઉકત પરિપત્રની તારીખ પહેલા જે પ્લાન મંજુર થયેલ છે તે કિસ્સાઓમાં વસવાટની પરવાનગી આપતા પહેલા આવા "ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન " ની રકમ ડીપોઝીટ તરીકે વસુલાત કરવાની રહેશે.

ઉપરોકત સુચનાઓનો તાત્કાલિક અસરથી અમલ કરવો.

નં.ટી.ડી.ઓ./ ૪૪૫૫
તા.૨/૦૨/૦૯

(સહી)
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

નકલ સ. રવાના :– તમામ વિભાગીય વડાશ્રીઓ/ ઝોનલ ચીફશ્રી પ્રતિ..... જાણ માટે.

નકલ રવાના :– નગર નિયોજકશ્રી(શહેર વિકાસ ખાતુ)/ નગર નિયોજકશ્રી(એ),(બી)/ શહેર વિકાસ અધિકારીશ્રી /તમામ ઝોનલ અધિકારીશ્રી / કાર્યપાલક ઈજનેરશ્રીઓ/તમામ ખાતાકીય વડાશ્રીઓ પ્રતિ ....જાણ તથા તાત્કાલીક અમલ માટે.

# પરિપત્ર

"ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન " ડીપોઝીટની રકમની વસુલાત બાબતે તા.૭-૬-૦૭ ના પરિપત્ર ટી.ડી.ઓ.૧૧૬૩ અને તા. ૬-૯-૦૮ ના પરિપત્ર નં ટી.ડી.ઓ.૨૪૩૧ ને આધિન "ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુ... ની રકમ વસુલાત કરવા હવે નીચે મુજબની જોગવાઈ કરવામાં આવે છે.

(૧) જે કિસ્સામાં ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનની રકમ એક (૧) કરોડ સુધીની હોય તેવા કિસ્સા... પુરેપુરી રકમ વસુલ કરવા માટે જે તે બાંધકામને વસવાટની પરવાનગી આપતી વખતે તમ... રકમની વસુલાત થઈ જાય તે પ્રમાણે મહતમ બે વર્ષમાં વધુમાં વધુ ચાર હપ્તામાં ઈન્ક્રીમે... કોન્ટ્રીબ્યુશનની રકમ વસુલાત કરી શકાશે.

(૨) જે કિસ્સામાં ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશનની રકમ એક કરોડ કે તેથી વધુ થતી હોય તેવા કિસ્સામાં... પુરેપુરી રકમ વસુલ કરવા માટે જે તે બાંધકામને વસવાટની પરવાનગી આપતી વખતે તમ... રકમની વસુલાત થઈ જાય, તે પ્રમાણે મહતમ ત્રણ વર્ષમાં વધુમાં વધુ ચાર હપ્તામાં ઈન્ક્રીમે... કોન્ટ્રીબ્યુશનની રકમ વસુલાત કરી શકાશે.

(૩) "ઈન્ક્રીમેન્ટલ કોન્ટ્રીબ્યુશન " ની રકમના પ્રથમ હપ્તાની રકમ ઓછામાં ઓછી ૨૫% રાખવાની રહેશે. જે રજાચિઠ્ઠી આપતા પહેલા વસુલ લેવાની રહેશે. બાકીની રકમ માટે એક સરખા ત્રણ ભાગના ત્રણ પોસ્ટ ડેઈટેડ ચેક લેવાના રહેશે.

ઉપરોકત સુચનાઓનો તાત્કાલીક અસરથી અમલ કરવો.

નં.ટી.ડી.ઓ./૧૬૪૫
તા૧૪/૦૭/૦૯

ડાયરેકટર ઓફ પ્લાનીગ
સુરત મહાનગર પાલિકા

નકલ સ. સા. રવાના :- મા.કમિશ્નરશ્રી પ્રતિ..... જાણ માટે.

નકલ સ. રવાના :- તમામ વિભાગીય વડાશ્રીઓ/ ઝોનલ ચીફશ્રી પ્રતિ..... જાણ માટે.

નકલ રવાના :- શહેર વિકાસ અધિકારીશ્રી / ટાઉન પ્લાનરશ્રી(એ) તથા (બી) /
તમામ ઝોનલ અધિકારીશ્રી / કાર્યપાલક ઈજેનરશ્રીઓ/
તમામ ખાતાકીય વડાશ્રીઓ પ્રતિ....જાણ તથા તાત્કાલીક અમલ માટે.